Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# "વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરતું પગલું: ભારતમાં ડિજિટલ ક્રાંતિ"

: Author :
Chaudhary Ashokkumar Geraji
Ph.D Scholar (H.N.G.U. Patan)
Email:a.g.jaat0881@gmail.com

**પ્રસ્તાવના:**

આજે 21 મી સદી ટેકનોલોજીની સદી કહેવામાં આવે છે. આ સમયમાં વિશ્વનો કોઈપણ દેશ બાકી નહીં હોય કે જ્યાં ડિજિટલ ક્રાંતિ ના જોવા મળતી હોય. આજની અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાનું કાર્ય ડિજિટલ ક્રાંતિ કરી શકે છે. આમ ભારતે 2047 સુધી ભારતને વિકસિત બનાવવાનું સ્વપ્ન જોયું છે, તે માટે આત્માનિર્ભર ભારત અંતર્ગત પણ અત્યારે ડિજિટલ ક્રાંતિ થઈ રહી છે શું ખરી? આ ડિજિટલ ક્રાંતિ અંગેનો ખ્યાલ ભારતમાં 2014 પછી વધુ પ્રચલિત બન્યું છે.જ્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'ડિજિટલ ઇન્ડિયા', 'મેક ઇન ઇન્ડિયા', 'સ્ટાર્ટ અપ ઇન્ડિયા' અને 'સ્માર્ટ સિટી' જેવા અનેક નીતિગત ઉપાયની શરૂઆત આ 'ડિજિટલ પહેલ' અંતર્ગત થઈ હતી. આના દ્વારા દેશમાંથી નોકરશાહી અને લાલફિતાશાહી (અમલદારશાહી)ને હટાવવા અને વહિવટમાં પારદર્શિતા લાવવા, અનેક કલ્યાણકારી યોજનાઓને અમલમાં મૂકવા મહત્વની ભૂમિકા ભજવે છે. દેશમાં વધારે નિવેશ અને અનુકૂળ માહોલ બનાવવા માટે સક્ષમ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

**ડિજિટલ ક્રાંતિ એટલે શું?**

ડિજિટલ ક્રાંતિ એટલે યંત્રો અને એનાલોગ ટેકનોલોજીમાંથી સ્માર્ટનેસ તરફનું પગલું જેમાં કમ્પ્યુટર અને ઇલેક્ટ્રોનિક્સ તરફનું સ્થળાંતર અથવા બિજા શબ્દોમાં કહીએ તો, હાથના ટેરવે રમતું કરતું અર્થતંત્રનું પગલું એ ડિજિટલ ક્રાંતિ છે. ઉપરાંત, લોકોનાં જીવનને સરળ બનાવવાનું કાર્ય કરતી ટેકનોલોજીએ ડિજિટલ ક્રાંતિ.

**ભારતમાં ડિજિટલ ક્રાંતિ વિવિધ ક્ષેત્રોમાં પ્રવતિ છે:**

આજે ભારતમાં એવું કોઈ ક્ષેત્ર બાકી નહીં હોય જ્યાં ડિજિટલ ક્રાંતિ ના થઈ હોય. તેમાં શિક્ષણ ક્ષેત્ર, કૃષિ ક્ષેત્ર, અર્થતંત્રના તમામ ક્ષેત્રો, રાજકીય ક્ષેત્ર, માહિતી અને સંચાર ક્ષેત્ર, વ્યવસાયની પ્રવૃત્તિઓમાં એટલે કે દરેક ક્ષેત્રમાં ડિજિટ્લ સુવિધાઓ જાણે કે એક મોટા ભાઈ સમાન જેવી ભૂમિકા ભજવતું થઈ ગયું છે.

**શિક્ષણના ક્ષેત્રમાં ડિજિટાલાઈજેશન:**

કોઈપણ સમાજમાં શિક્ષણ એ સમાજ માટે પાયાની ઈંટ હોય છે શિક્ષણના મહત્વને ધ્યાનમાં રાખીને ડિજિટલ ઇન્ડિયા પહેલે સમાજમાં શિક્ષણના પ્રસાર અને પ્રચાર માટે અનેક ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરે છે અને કરવામાં આવી રહ્યો છે. આમાં પ્રાથમિક સ્તરથી લઈ ઉચ્ચ સ્તરના શિક્ષણમાં અને સંશોધન સુવિધાઓમાં વિવિધ ડિજિટલ સેવાઓ અને યોજનાઓ દેશમાં શિક્ષણ પ્રણાલીને એક આગવી ઓળખ આપી રહ્યું છે. જેમાં એ 'સ્વંયમ' SWAYAM (Study webs of Active learning for young Aspiring Minds) જે સમાજના તમામ સ્તરો જેમાં નિમ્ન સ્તરથી લઇ ઉચ્ચ સ્તરના (ખાસ કરીને વંચિત વર્ગોને) શ્રેષ્ઠ શૈક્ષણિક સંસાધનો પૂરા પાડવા અને 'સ્વયં પ્રભા' જે એક થી અનુસ્નાતક કક્ષા સુધી DTH ચેનલો દ્વારા શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. જેમાં ચાર કલાક નવું અને પાંચ કલાક પુનરાવર્તન કરાવવામાં આવે છે. આ ઉપરાંત, 'ePATHSHALA' જેવી એપ્લિકેશન 'MID-DAY' જેવી યોજનાઓ 'મિલ મોનિટરિંગ એપ', 'શાલા સિદ્ધિ' અને 'શાલા દર્પણ' જે શાળા વહીવટ માટે, OLABS એ શાળા પ્રયોગશાળામાં પ્રયોગો માટે ઓનલાઇન માહિતી આપે છે.'નેશનલ સ્કોલરશીપ પોર્ટલ', 'eGranthalya', 'નેશનલ નોલેજ નેટવર્ક' જેવા સરકારના પોર્ટલોનો જે આવનાર સમયમાં શિક્ષણની સંપત્તિ અને સંપત્તિ વચ્ચેના અંતરને દૂર કરવા માટે ડિજિટલ ક્રાંતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**માહિતી અને સંચારના ક્ષેત્રમાં:**

આજે ડિજિટલ ક્રાંતિના લીધે દુનિયા આખી એક રૂમમાં બધા ભેગા થાય તેવી થઈ ગઈ છે.કેમકે માહિતીને ડિજિટલ સ્વરૂપમાં સંગ્રહિત પ્રક્રિયા અને શેર કરવાનું શક્ય બન્યું છે જે લાખો કિલોમીટર દૂર હોવા છતાં રૂબરૂ જેવી વાત થઈ શકે છે.આજે ઉદાહરણ તરિકે, Whatsapp, Zoome Workplace,Google Meet વગેરે. આજે ઇન્ટરનેટ, મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા દ્વારા વિશ્વભરના લોકોનું જોડાણ સરળ બની ગયું છે.

**સરકારી સેવાઓમાં સુધાર શક્ય બન્યું છે:**

ડિજિટલ ઇન્ડિયા જેવી પહેલ દ્વારા લોકોને/નાગરિકોની ડિજિટલ સેવાઓ અને વહીવટમાં પારદર્શિતા જોવા મળે છે. જેના દ્વારા સશક્તિકરણ પૂરું પાડવામાં આવે છે અને એક સશક્ત દેશનું નિર્માણ થાય છે. તમામ સરકારી સેવાઓ એક જ પ્લેટફોર્મ પર મળી રહે તેના માટે 'UMANG'(Unified Mobile Application For New-age Governance) શરૂ કરવામાં આવ્યું છે. જે સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ ઉપરાંત, 'ઈ-પંચાયત', 'ઈ-ડીસ્ટ્રીક', 'ઈ-વિધાનસભા', 'ઈ-ઓફિસ', 'ઈ-સાંસદ' વગેરે એ દેશમાં શાસન અને વહીવટને ડિજિટાઇઝ કરવા

માટેની મહત્વની સેવાઓ છે.'નેશનલ વોટર સર્વિસ પોર્ટલ', 'ECI-EVM ટ્રેકિંગ સેવાઓ' અને ‘ઈ-વોટીંગ’ પણ શાસનમાં પારદર્શિતા અને ગુણવત્તા સુધારવામાં મદદ કરી રહી છે. સરકારની તમામ સુવિધાઓ ડિજિટલ ક્રાંતિના કારણે સરળ બની છે.

**કૃષિમાં આધુનિકીકરણ (ડિજિટલ એગ્રીકલ્ચર):**

આજની બદલાતી પરિસ્થિતિ સાથે ખેતીની પેટન પણ બદલવાની જરૂર છે. તેમાં સૌથી મહત્વનું ભાગ ડિજિટલ ક્રાતિ ભજવી શકે છે. ડિજિટલ ક્રાંતિના સ્વરૂપમાં ‘સેન્સર ટેકનોલોજી’, ‘ડ્રોન સિસ્ટમ’ ‘GPS (Global Positioning System)’ અને ડેટાના એનાલિટિક્સનો ઉપયોગ કરીને ખેતીમાં સુધાર લાવી સિંચાઈ અને ખાતરનો યોગ્ય રીતે ઉપયોગ કરીને ખેતીની ઉત્પાદકતામાં હેક્ટર દીઠ વધારો કરી શકાય છે. ખેડૂતોના લાભ માટે અનેક યોજના સરકાર દ્વારા આ ડિજિટલ ઇન્ડિયા પહેલ અંતર્ગત અમલમાં મૂકવામાં આવી છે, જેમાં ‘ખેડૂત પોર્ટલ’, ‘કિસાન સુવિધા એપ’, ‘પૂસા કૃષિ’, ‘એગ્રી માર્કેટ એપ’, ‘ફર્ટિલાઈઝર મોનિટરરિંગ એપ’, 'ઈ-નામ', 'સોઇલ હેલ્થ કાર્ડ એપ’, ‘ક્રોપ ઇન્સ્યોરેશન મોબાઈલ એપ’, ‘એગ્રી માર્કેટ એપ’ વગેરેનું સમાવેશ થાય છે અને સરકાર દ્વારા ખેડૂતોને નાણાકીય સહાય માટે DBT(Direct Benefit Transfer)ની સુવિધા ઉપલબ્ધ છે. આમ ખેડૂતોની આવક ડબલ કરવા માટે ડિજિટલ ક્રાંતિ મહત્વની ભૂમિકા ભજવે છે.

**ભારતમાં ડિજિટલ ક્રાંતિના લીધે અર્થતંત્રમાં પરિવર્તન:**

ભારતમાં ડિજિટલ ક્રાંતિના લીધે અર્થતંત્રમાં પરિવર્તન જોવા મળ્યું છે. જેમાં જે ઉભરતું ‘ઈ-કોમર્સ માર્કેટ’ હોય કે પછી ‘ડિજિટલ પેમેન્ટ’ જેમકે UPI(Unified Payments Interface) જે આજે સમગ્ર વિશ્વમાં મહત્વનું બની ગયું છે અને ઓનલાઈન સેવાઓનો વિકાસ થયો જેને નાણાંકીય સમાવેશને પ્રોત્સાહન આપ્યું. આજે ભારતના GDP(Gross Domestic Product)માં ડિજિટલ અર્થતંત્રના હિસ્સાનો સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, 2022/23 માં ભારતના જીડીપીમાં ડિજિટલ અર્થતંત્રની યોગદાન આશરે રૂપિયા 31.64 લાખ કરોડ છે. જે લગભગ જીડીપીનાં 11.74% જેટલું થાય છે અને 2030 માટેનું ભારતનું લક્ષ્ય છે કે ડિજિટલ અર્થતંત્રનો હિસ્સો લગભગ 20%સુધી પહોંચી જશે તેવી સંભાવના છે. જે વિશ્વ લેવલ પર ભારતની એક નવી મોટી ઉપલબ્ધિ હશે.

**ભારતમાં અન્ય ક્ષેત્રોમાં ડિજિટલ ક્રાંતિ:**

ભારતમાં અન્ય ક્ષેત્રોમાં ડિજિટલ ક્રાંતિ જેમાં આરોગ્ય ક્ષેત્રમાં ‘ઈ-હોસ્પિટલ’, ‘આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન’, ‘ઈ-હેલ્થ રેકોર્ડ’, ‘NCD(Non-Communicable Disease)

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

સ્ક્રિનિગ ઓનલાઈન' દ્વારા આરોગ્ય સેવાઓ વધુ સુચારું અને કાર્યક્રમ બની છે છેવાડાના વિસ્તારમાં બેઠેલા દર્દીઓ પણ નિષ્ણાંત ડોક્ટરની સલાહ મેળવી શકે છે. મહિલાઓની સુરક્ષા માટે'112 ઇન્ડિયા', 'બી-સેફ', 'માય સેફ્ટિપિન' 'Shake2safety' અને 'રક્ષા એપ' આ બધી એપ્લિકેશનનો મહિલા સશક્તિકરણની આગળ ધપાવા મહત્વનું પાયો છે. સામાજિક જીવન પર ડિજિટલ ક્રાંતિનું પ્રભાવ પડ્યો છે જેમાં સોશિયલ મીડિયા (ઉદાહરણ.ઈંસ્ટાગ્રામ,યુ-ટુબ), મેસેજિંગ એપ્સ (ઉદાહરણ. સ્નેપ ચેટ)જેવા ડિજિટલ પ્લેટફોર્મ થકી લોકો વચ્ચે સંચાર સરળ બનાવે છે. પણ સામે ખોટી માહિતી સાયબર ક્રાઇમ અને ડિજિટલ છેતરપિડીં જેવા પ્રશ્નો પણ ઊભા થયા છે, છતાં પણ સમાજમાં રહેતા લોકોનું જીવન અત્યંત સરળ બની ગયું છે.

**ભવિષ્યમાં ડિજિટલ ક્રાંતિનું વિસ્તૃત સ્વરૂપ:**

AI(Artificial intellingence),6G,IoT(Internet of Things) અને બ્લોકચેઇન જેવી સુવિધાઓ ભારતની ડિજિટલ યાત્રાને એક નવી ઊંચાઈએ લઈ જશે. અને યોગ્ય નીતિ અને સજાગતાથી ડિજિટલ ક્રાંતિ ભારતની આત્મ નિર્ભર અને 2047નું વિકસિત ભારત બનવાનું સ્વપ્ન સાકાર બનાવશે.

**ઉપસંહાર:**

વિશ્વમાં ડિજિટલ ક્રાંતિને ટેક્નોલોજીકલ બદલાવ તરીકે ગણવામાં આવે છે. અને આ ટેક્નોલોજીકલ બદલાવથી માત્ર આર્થિક વૃદ્ધિ થાયે છે. તે આર્થિક વિકાસ માટે મહત્વ ધરાવતું નથી. પણ ભારતમાં ડિજિટલ ક્રાંતિ માત્ર ટેકનોલોજીકલ બદલાવ નથી. પરંતુ, તે લોકોને સામાજિક રિતે વિચારસરણી, વ્યક્તિત્વમાં અને આર્થિક પરિવર્તનનું એક અગત્યનું અને શક્તિશાળી સાધન છે. જો આવનાર સમયમાં ડિજિટલ સાક્ષરતા વધે તો તે ભારત માટે આવનાર સમય માટે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.